સ.કૃષિ.અનુ./જી.પ./દમણ/ફળ-કલમ/૨૦૧૩-૧૪/૯૯

જિલ્લા પંચાયત કાર્યાલય ,

કૃષિ અનુભાગ,

મોટી દમણ,

તારીખ :- ૧૦/૦૯/૨૦૧૩

પ્રતિ શ્રી,

સરપંચ /સેક્રેટરી

____________________

____________________

**વિષય** :- કૃષિ અનુભાગ, જિલ્લા પંચાયત દમણ, દ્વારા સ્થાનિક ખેડૂતો ને ફળોં ની કલમો/ રોપાઓ નું નિઃશૂલ્ક વિતરણ **"વહેલાતે પહેલા ના ધોરણે"** કરવાના પૂર્વ આયોજન સહ, જાણ કરવા બાબત .

સવિનય સાહેબ ..

ઉપરોક્ત વિષય ના સંદર્ભ માં જિલ્લા પંચાયત, કૃષિ અનુભાગ, દમણ દ્વારા " સંપૂર્ણ કૃષિ વિકાસ" યોજના વર્ષ ૨૦૧૩-૧૪,અંતઃર્ગત,દમણ જિલ્લાના સ્થાનિક કુલ,૨૫૦ નાના-સીમાંત ખેડૂતો(અનુસૂચિત જાતિ,જનજાતિ અને અન્ય/જનરલ) ને ફળોં ની કલમો/ રોપાઓ નું નિઃશૂલ્ક વિતરણ @૧૦૦% સબસીડી, રૂપિયા ૨૦૦૦/- અધિકતમ મર્યાદા માં **"વહેલાતે પહેલા ના ધોરણે"** કરવા માટે ના પૂર્વ આયોજન ના ભાગ રૂપે, આપની પંચાયત વિસ્તારના ફળ પાકોની ખેતી કરતાં ખેડૂતોને લાભ લેવા માટે, જાહેર સંદેશ/જાણ કરવા અનુરોધ કરવામાં આવે છે.

મહોદય, ફળોં ની કલમો/ રોપાઓ મેળવવા માટે ખેડૂતોએ કૃષિ અનુભાગ, જિલ્લા પંચાયત,ઢોલર મોટી દમણ ની કચેરી થી તારીખ. ૨૫/૦૯/૨૦૧૩ સુધીમાં ફોર્મ,મેળવી લેવું. ફોર્મ ની સપૂર્ણ વિગત ભરી નીચે મુજબ ના યોગ્ય પુરાવાઓ બિડાણ કરીને તારીખ. ૩૦/૦૯/૨૦૧૩ સુધીમાં ઉક્ત, કચેરી માં જમા કરાવી દેવું.

(૧) જમીન ની ૧/૧૪ ની ખરીનકલ.

(૨) રેશનકાર્ડ/ચૂંટણી ઓળખ/આધાર કાર્ડ ની ખરીનકલ.

સંપૂર્ણ વિગત સહ પુરાવાઓ સાથે ના ફોર્મ, પ્રાપ્ત થયા પછી, વિભાગ ની સંપૂર્ણ કાર્યવાહી પૂરી થયાબાદ પસંદ થયેલ ખેડૂતોને ફળોં ની કલમો/ રોપાઓ મેળવી લેવા માટે ની જાણ કરવામાં આવશ

( કે.એસ.ચૌહાણ)

ઉપ નિદેશક (લેખા)/આ.સ.અ.

જીલ્લા પંચાયત, કૃષિ અનુભાગ,

મોટી દમણ.

**નકલ રવાના** :-

૧. સરપંચ, સેકેટરી, ગ્રામ પંચાયત સભ્યો, જરૂરી કાર્યવાહી સાથે સ્થાનિક ખેડૂતોને જાણ કરવા બાબત .

૨. પ્રમુખ શ્રી, જિલ્લા પંચાયત, દમણ .

૩. મુખ્ય જિલ્લા પંચાયત અધિકારી, દમણ.

૪. તાલુકા વિકાસ અધિકારી, દમણ.

૫. સભ્ય શ્રી, જિલ્લા પંચાયત, દમણ .

૬. ક્ષેત્રિય કૃષિ અધિકારી,દમણ .

૭. ઉપપ્રમુખ શ્રી, જિલ્લા પંચાયત, દમણ .

૮. NIC,સરકારી વેબસાઇડ, દમણ .